## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ફસાયા 'નાગરિકત્વ'માં છતાં ચકોર થાય છે!*
*કહેતું નથી કોઈ મોઢે છતાં ટકોર થાય છે!*
*ને થાય છે બચાવલક્ષી પ્રયાસ નવા નકોર -*
*શેર પછી હવે સંસદે શોર-બકોર થાય છે!*

**હાઈકુ**

*પકડાઈ ગ્યું!*
*હવે છૂટતું નથી -*
*હઠીલું નાડું !!*

*હચમચાવે -*
*શાંતિ અને સૂલેહ -*
*દિલ્હી ચૂંટણી...*

### ચિંતન

**'સ્વભાવવિજય: શૌર્યમ્' ।**

ઉપરોક્ત સૂત્ર સંસ્કૃત સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

સ્વભાવ જીતવો એનું નામ શૌરાર્ય. કટ્ટર દુશ્મનને જીતવાં કરતાં સ્વભાવને જીતવો મુશ્કેલ છે. જે માણસ સ્વભાવને જીતી જાય છે એ ખરો વિજયી છે.

સ્વભાવને જીતવામાં સાચું શૌર્ય સમાયેલું છે. જીવનની ક્ષણે ક્ષમે જે જાગૃત રહે તે જ સ્વભાવને જીતી શકે છે.કોઈ પણ પ્રકારે આપણે જિંદગી જીવી રહ્યા હોઈએ પણ આપણો સ્વભાવ, આપણી ટેવ, આપણી આદતો, પર જો આપણે સંયમ ના રાખી શકતા હોઈએ તો ડગલેને પગલે આપણી હાર જ થયા કરે છે. જીવન એક સંગ્રામ છે અને આ સંગ્રામ જીતવા માટે અનેક પ્રકારા આયુધોની જરૂર પડે છે. સ્વભાવ પર સંયમ એ એમાંનું એક આયુધ છે, જે આ સંગ્રામ સારી રીતે જીતાડી શકે છે.

માટે સ્વભાવ પર સંયમ રાખો, કોઈ પણ ચીજને આદત ન બનાવો. એમાં સંયમ હશે તો જ તમે પ્રગતિ કરી શકશો. સંયમિત જીવન જ જીવતરને અજવાળે છે.

### સુવિચાર

- ઈંસાનિયત દિલ મેં હોતી હૈ... હૈસિયત મેં નહીં, ઉપરવાલા....
  કર્મ દેખતા હૈ... વસીયત કો નહીં - **શયદા**
- મનમાં ઓછું લાવીએ શી વાતનું જિંદગી છે નામ ઝંઝવાતનું ? - **કુતુબ આઝાદ**
- પ્રેમ જોઈએ ? તો હુંફ આપો. સુખ જોઈએ છે ? તો સાંત્વના આપો. શાંતિ જોઈએ છે ?
  તો હળવાશ આપો - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- સુખ મેળવવું એ બહુ અઘરી વાત છે,
  કેમ કે તે બીજાને સુખી બનાવીને જ મેળવાય છે - **સેમ્યુઅલ કલોટિસ**
- સફળતા અતિશય ચંચળ છે એટલે જ તેને પ્રાપ્ત કરવા તીવ્ર એકાગ્રતાની જરૂર રહે છે,
  ઘણાં લોકો ઉગ્ર બની જાય છે, જે ઉગ્ર બને છે તે કયારેય એકાગ્ર બની શકતો નથી - **બ્રુસ બાર્ટન**
- આજનું ઔષધ : બે ચમચી મુલતાની માટીમાં એક ચમચો દહીં ઉમેરી તે પેસ્ટ ૩૦ મિનિટ સુધી ચહેરા પર લગાવી રાખી. સુકાઈ ગયા બાદ ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખવાથી ત્વચામાં તાજગીનો અનુભવ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પંડિત ઓમકાર નાથ ઠાકુરને ૧૯૩૩માં લંડન જવાનું થયું. એક દિવલ લંડનમાં વસતા ભારતીય હાઈકમિશનરે એક પાર્ટીનું આયોજન કર્યું. જેમાં પંડિતજીને પણ બોલાવ્યા અને સાથે લંડનમાં વસતા ઘણા બધા ધૂરંધરો તથા ભારતીય સંગીતના ચાહકોને આમંત્રણ હતું. પંડિતજી સાથે વાત કરતાં ભારતીય હાઈકમિશનરે કહ્યું, 'આપ મહાન કલાકાર છો. હું ઈચ્છું છું કે નામદાર રાજવી જયોર્જ પંચમને આપ મળો અને આપની કલા થંકી તમે એમનું મનોરંજન કરો... મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આપની કળાથી ખુશ થઈને તેઓ તમને 'રાય બહાદુર'' ના ઈલ્કાબથી અવશ્ય સન્માનશે. પંડિતજીએ નમ્રપણે જવાબમાં કહ્યું, 'સાહેબ, આપની વાત તો સાચી પરંતુ ? તેમના તરફથી મને કોઈ આમંત્રણ મળ્યું નથી. અને આમંત્રણ વિના તેમનું મનોરંજન કરવાનું હું તો શું કોઈ પણ ભારતીય સંગીતજ્ઞ સ્વીકારશે નહીં. વગર નિમંત્રણે પહોંચીને મારી કળાનું અપમાન કરીને 'રાહ બહાદુર' નો ઈલ્કાબ મેળવવામાં મને રસ નથી.' ત્યાં હાજર રહેલા સૌ મહેમાનો ભારતીય સંગીત સમ્રાટની ખુમારીને મનોમન વંદન કરી રહ્યા.

# કાલે દિલ્હીનો દીવો ઝળહળશે

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હી મૂળે તો કેન્દ્ર શાસિત પ્રદેશ, પરંતુ દેશની રાજધાની હોવાને કારણે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ - બેઉ માટે એનું આગવું મહત્ત્વ છે. દિલ્હીની સાથે સાત સંસદની બેઠકો પર નરેન્દ્ર મોદી અને અમિત શાહના પોઠિયા ચૂંટાયા ત્યારે એમ જ લાગેલું કે હવે અરવિંદ કેજરીવાલના દહાડા પૂરા થવાનાં છે. ૨૦૧૫માં વિધાનસભાની ૭૦ પૈકી ૬૭ બેઠકો ઝાડુના સપાટામાં આવી ગઈ હતી. ભાજપના ઉમેદવારોને ફક્ત ત્રણ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો અને કોંગ્રેસનો સમૂળગો સફાયો થઈ ગયો હતો. કેજરીવાલનો કરિશ્મા દિલ્હીવાસીઓ પૂરતો અને દિલ્હીની વિધાનસભા પૂરતો જ અકબંધ રહ્યો હોય એવું ઓછામાં ઓછું બે વિધાનસભા ચૂંટણીઓ દરમિયાન બન્યું છે. લોકસભાની જ નહીં, મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓમાં પણ આમ આદમી પાર્ટી ભાજપ સામે કંગાળ પ્રદર્શન કરતી રહી છે. ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવે તો ભાજપના સાત પૈકી ચારેક સાંસદો મુખ્યમંત્રી પદ માટે ટાંપીને બેઠા છે. જેમાં સૌથી યુવાન છે બહારથી ગ્રામીણ દિલ્હીના સાંસદ પરવેશ વર્મા. પરવેશ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી સાહિબસિંહ વર્માના સુપુત્ર છે. એમને દિલ્હીના વિકાસનું તાળું ખોલવા માટે વચ્ચેની કડી - વિધાનસભામાં ભાજપના શાસન માટે પ્રજાને અપીલ કરી છે. ઉપર અર્થાત કેન્દ્રમાંથી ભાજપની સરકાર છે, નીચે મહાનગરપાલિકા ભાજપ હસ્તક છે : વચ્ચે દિલ્હીના રાજયનો વહીવટ પ્રજાએ ઝાડુવાળા કેજરીવાલને સોંપી રાખ્યો છે! પરંતુ દિલ્હીવાસીઓની આજ તો વિશેષતા છે. વારાણસીમાં મોદી સામે હારેલા કેજરીવાલને 'ભગોડા' (ભાગેડુ) કહી ભાંડવામાં કોંગ્રેસ કે ભાજપે કોઈ કસર નહોતી રાખી છતાં વિધાનસભામાં મોદીએ ખાસ પસંદગીમનાં સેલિબ્રિટી - કિરણ બેદીને ભાવિ મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરેલાં તોય પ્રજાજનો કેજરીવાલ સાથે રહ્યા હતા. આ વખતે ભાજપે તમામ તાકાત અજમાવીને કેજરીવાલને એમની હેસિયત મુજબસ વેતરી નાખવાની કોશિશ કરી છે. મોદી અને શાહના આક્રમક અભિગમ સાથેનું 'હિંદુત્વ' પણ મેદાને પડ્યું હતું. ઉત્તરપ્રદેશના સંન્યાસી મુખ્યમંત્રીએ શાહિન બાગનાં ધરણા સામે અને કેજરીવાલ સામે જે કઠોર ભાષા વાપરી એના અવળા પ્રત્યાઘાત પડ્યા તો નવાઈ નહીં. 'ગોલી મારો' નાં સૂત્રો અને ત્રણ વાર થયેલ વાસ્તવિક ગોળીબારથી કટ્ટરતાનો લોહિયાળ રંગ છતો થયો હોય અને વિકાસ સિવાય અન્ય કોઈ મુદ્દાને સ્પર્શ્યા વિના હનુમાનજીનાં દર્શન કરી ચુપચાપ પ્રચાર કાર્ય તથા મતદાન કરાવનારા કેજરીવાલની તરફેણમાં આવેલ 'એક્ઝિટ પોલ' શું ભાજપના મોવડીમંડળની સામેની લાલબત્તી નથી? શું સમજણ સાથે ભાઈચારો જાળવનારો બહુમતી હિંદુ સમાજ લઘુમતી પ્રત્યેના ભાજપના નકારાત્મક વલણને સ્વીકારતો નથી, એનો જ આ લિટમસ ટેસ્ટ નથી ? પ્રશાંત કિશોર જેવા ચૂંટણી વ્યૂહકારને જદ(યુ)ના ઉપપ્રમુખ પદે બેસાડવામાં અમિત શાહનો સંકેત જવાબદાર હતો એવી કબૂલાત ખુદ બિહારી બાબુ નીતીશકુમાર કરી ચૂક્યા છે. પ્રશાંત કિશોરે કેજરીવાલને જિતાડવાનું બીડું ઝડપ્યું છે, એમાં ઍક્ઝિટ પોલ અને પોલ ઓફ ધિ પોલ્સ સાહેબી પુરાવી રહ્યાં છે ત્યારે દિલ્હી ભાજપના પ્રમુખ અને ભોજપુરી ગાયક, નાયક તરીકે નિષ્ફળ રહ્યા કે સફળ એનો ખુલાસો ગણતરીના કલાકોમાં જ થશે! મામાનું ઘર કેટલે ?

**પબ્લીક ટ્રસ્ટ એકટમાં નવા સુધારા**

# પ્રવર્તમાન ટ્રસ્ટોએ નવેસરથી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અનુસરવી પડે તેવી સ્થીતિ સર્જાશે



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

૧૯૫૬ પબ્લીક ટ્રસ્ટમાં સરકારે કેન્દ્રીય બજેટમાં નવા સુધારા વધારા કરતા હવેથી નોંધાયેલ તમામ ટ્રસ્ટોએ નવેસરથી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અનુસરવી પડે તેવી સ્થીતિ સર્જાઈ છે. પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ ૧૨(અબ) તથા ૮૦(જી) મા સુધારો થતા નવા નિયમો તમામ નોંધાયેલા ટ્રસ્ટને લાગુ કરવામાં આવશે. આ નવા ટ્રસ્ટ એકટમાં સુધારાના કારણે નવીન નોંધણી પ્રક્રિયા જટીલ બનશે તથા જે નોંધાયેલા ટ્રસ્ટો છે તેમને વહીવટી કામગીરીમાં વધારો થતા કેટલાક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ રાજીનામા આપે તેવી સ્થીતિ સર્જાશે. ટ્રસ્ટો હાલમાં કલમ ૧૨(અઅ) મુજબ નોંધણી કરવામાં આવે છે જેમાં ૧૨(અ) તથા ૧૨(અઅ) માં સુધારો કરી નવી કલમ ૧૨(અબ) ઉમેરવામાં આવતા તમામ ટ્રસ્ટોએ આ કલમ મુજબ નોંધણી કરવાની ફરજીયાત બનાવી છે. આ ટ્રસ્ટોની રજીસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણપણે ડીજીટલ રહેશે. નવા સુધારા મુજબ નવા નોધનારા ટ્રસ્ટને ત્રણ વર્ષ સુધી પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન નંબર જ મળશે ત્યારબાદ ઓડિટ રીપોર્ટ તથા કામગીરીની વિગતો ધ્યાને લઈ નિયમીત કાયદેસરતા આપવામાં આવશે. આ ઉપરાંત તમામ ટ્રસ્ટોએ પાંચ વર્ષ બાદ નવેસરથી ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ફરીથી ચેરીટી કમિશ્નરની કચેરીમાં કરાવવું પડશે. ત્યારબાદ ટ્રસ્ટ રીન્યુઅલ થશે. નવીન નિયમોથી ટ્રસ્ટોનો કાર્યભાર વધવા ઉપરાંત લીગલ ખર્ચ પણ વધશે તથા દર વર્ષે ટ્રસ્ટના હિસાબો ઓડિટ કરાવવા ફરજીયાત થતા દરેક ટ્રસ્ટે એકાઉન્ટ રાખવા પડશે તથા ટ્રસ્ટના આવક જાવકના હિસાબો ચેરીટી કમિશ્નરમાં ફરજીયાત મંજુર કરાવવા પડશે આ પ્રક્રિયા ના અનુસરતા ટ્રસ્ટની નોંધણી રદબાતલ ઠરાવી ટ્રસ્ટીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી તથા ગેરવહીવટ તથા ગફલત કર્યાની ફરીયાદો પણ નોંધાશે.

જે ટ્રસ્ટોએ આવક વેરાની મુક્તિ મેળવવા માટે કલમ ૮૦(જી) નું સર્ટીફિકેટ મેળવેલ હશે તે તમામ ટ્રસ્ટોએ હવેથી તેમને દાનમાં આવેલ તમામ રકમ તથા દાતાઓની વિગતો ફરજીયાત બતાવવી પડશે. ચેરીટી કમિશ્નરમાં રીપોર્ટ બેલેન્સ શીટ સાથે રજુ કરવું પડશે તથા દાનમાં આવેલ રકમ અંગે પ્રમાણિત સીએનું સર્ટીફિકેટ પણ રજુ કરવાનું રહેશે તથા આવક જાવકના હિસાબો ઉપર આવક વેરા રીર્ટન ભરવાનું ફરજીયાત બનાવતા રીર્ટનની નકલ પણ દર વર્ષે ચેરીટી કમિશ્નરમાં રજુ કરવી ફરજીયાત બનાવી છે તેમજ ૮૦(જી)નું સર્ટીફિકેટ પણ દર પાંચ વર્ષે રીન્યુઅલ કરાવવું પડશે જુનું સર્ટીફિકેટ પાંચ વર્ષ સુધી જ માન્ય ગણાશે જે અત્યાર સુધી એક વખત ૮૦(જી) સર્ટીફિકેટ મેળવ્યા પછી કાયમી ગણાતું હતું જે ટ્રસ્ટો નિસ્કિય હાલતમાં હોય તથા કોઈપણ પ્રકારની ચેરીટી કે અન્ય પ્રકારની પ્રવૃત્તિ ના કરતા ટ્રસ્ટને ચલાવવા, નિભાવવા હવે મુશ્કેલ બનશે. મોટાભાગના નિસ્કિય ટ્રસ્ટો હવે રદબાતલ કરાશે. ગત વર્ષમાં મોટાપાયે ચેરીટી કમિશ્નરની કચેરી દ્વારા જે ટ્રસ્ટના છેલ્લા ત્રણ વર્ષના હિસાબો રજુ કરવામાં નિષ્ફળ ગયા હોય તે તમામ ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન આપોઆપ રદબાતલ ઠરાવેલ છે તથા તમામ રેકોર્ડનું ડીજીટલલાઈઝેશન કરવામાં આવતા આઈ.ટી. કચેરી દ્વારા તથા ઈ.ડી. અને ફેમા જેવા કાયદા અંતર્ગત જે ટ્રસ્ટમાં મોટાપાયા ઉપર નાણાકિય ભંડોળ વિદેશથી ઠલવાતું હશે અને દેશવિરોધી પ્રવૃત્તિમાં વપરાતું હોવાનો અણસાર સરકારને આવતા તમામ ડિપાર્ટમેન્ટ દ્વારા ટ્રસ્ટીઓ ઉપર કાયદેસરના પગલા ભરવામાં આવશે. કેટલાક કિસ્સાઓમાં ધાર્મીક ટ્રસ્ટોની સખાવતી પ્રવૃત્તીઓ ઉપર રોક લાગી જશે તથા કેટલાક ટ્રસ્ટો બંધ કરવાનો વારો આવશે.

ગુજરાતમાં ૩.૫૦ લાખ જેટલા ટ્રસ્ટો, મંડળો નોંધવામાં આવેલ છે. દરેક જ્ઞાતિ, જાતી, ધર્મના ટ્રસ્ટો ચાલે છે જે શૈક્ષણિક, સામાજીક તથા સખાવતી પ્રવૃત્તિઓ કરતા હોય છે. કેટલાક ટ્રસ્ટોની આડમાં વિદેશથી ગેરકાયદેસર ફડીંગ પણ કરવામાં આવે છે જેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ થતો હોવાનું સરકારના ધ્યાનમાં આવતા આ કડક પગલા ભરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. હવેથી તમામ ટ્રસ્ટોએ ઈન્કમટેક્ષ એકટની કલમ ૧૨(અબ) મુજબ નવીન સર્ટીફિકેટ મેળવવાનું રહેશે. આગામી જુન મહિનાથી નવા નિયમનો અમલ કરવામાં આવશે જેથી ટ્રસ્ટોના કામકાજનું ભારણ ચોક્કસ વધશે. જો સરકાર તરફથી નવા એમેન્ડમેન્ટ ના લાવવામાં આવે તો જુના ટ્રસ્ટો આપોઆપ રદબાતલ ગણાશે અને નવું રજીસ્ટ્રેશન માટેની કાર્યવાહી કરવી પડશે.

ચેરીટેબલ ટ્રસ્ટોએ ૮૦(જી) નું સર્ટીફિકેટ મેળવેલ હશે તેમણે ચોક્કસ ફોર્મેટમાં વિભાગને સમયસર વિગતો આપવાની રહેશે. વિલંબ બદલ પ્રતિદિન ૨૫૦ રૂપીયાનો દંડ આકારવામાં આવશે તથા ટ્રસ્ટે મેળવેલ દાન જેટલી રકમ ફી તરીકે ચુકવવાની રહેશે જેમાં અપીલની પણ હાલમાં કોઈ જ જોગવાઈ નથી તેમજ આવકવેરા વિભાગે દશ હજારથી એક લાખ સુધીનો દંડ પેનલ્ટી આવા ટ્રસ્ટોને ફટકારી શકે છે.

કેટલાક ટ્રસ્ટો ચેરીટીના નામે કાળાનાણાનો ઉપયોગ દેશ વિરોધી પ્રવૃત્તિ કરવા માટે કરતા હતા જેના ઉપર હવેથી લગામ મુકાશે જે ટ્રસ્ટો સાચી અને સખાવતી પ્રવૃત્તિઓ કરતા હોય તેમને કોઈ જ તકલીફ નથી માત્ર પ્રગતિશીલ કામોમાં વધારો થશે તથા પબ્લીક ટ્રસ્ટ એકટના સુધારાથી ભુતીયા ટ્રસ્ટો બંધ થતા કાળુ નાણું બંધ થશે.

# આપણે તો આપણા મનના માલિક, આપણી તે મસ્તીમાં રહીએ...

**આપણે તો આપણા મનના માલિક**
**આપણી તે મસ્તીમાં રહીએ...**
**વાયરા તો આવે ને વાયરા તો જાય**
**આપણે શું કામ ઊઠી જઈએ?**

**- દલપત પઢિયાર**



**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

આજકાલ પ્રકૃતિ - વાસંતી વાયરાની મહેક લઈને સુંદર સજી-ધજીને બેઠી છે અને લગ્નોની મોસમ પર પૂરબહાર ખીલી છે. ચારેબાજુ રંગબેરંગી વસ્ત્રો, સ્વાદિષ્ટ વાનગી અને લાઉડ મ્યુઝીકની ધૂમ મચી છે. સમય જેમ-જેમ વીતતો ગયો એમ ભૌતિક સુખ વધતું ગયું અને લગ્ન સમારંભોનો દબદબો પણ ઉત્તરોત્તર વધતો ચાલ્યો. બ્યુટી પ્રોડક્ટસ્, બ્યુટી પાર્લરો અને એવા અન્ય આધુનિક તબીબી આવિષ્કાર થવાને કારણે બધા જ સુંદર અને સુશોભિત લાગી રહ્યા હોય છે! કપડા, દાગીના, ખાણી-પીણી, સાજ-શણગાર આ તમામ બાબતોમાં ખર્ચ કરતા આજે કોઈ પાછું વળીને જાણે જોતું જ નથી ! પરિણામે, બ્યુટી પાર્લર, સ્પા, જીમ, આવા અનેક સ્થળ બાહ્ય સુંદરતાને વધુ આકર્ષક બનાવવા માટે ઉપલબ્ધ બન્યા છે !

આજનાના મોર્ડન યુગમાં બોડી સ્પા દ્વારા શરીરને relax કરવાનો ટ્રેન્ડ ઘણો પ્રચલિત બન્યો છે. 'કાર સ્પા' અને 'પેટ સ્પા' (pet spa) જેવા outlets ને કારણે ગાડી અને પાલતુ જાનવરોની પણ સુંદરતામાં વધારો થયો છે! આવા આ માહોલમાં આંતરિક



સુંદરતાને ખીલવે એવા કોઈ 'સ્પા' બન્યા છે ખરા ? મનના મેલને સાફ કરવો હોય તો આવા સ્પા 'spa' બનવા જોઈએ ! મનની ચિંતા, ઉચાટ, રઘવાટ અને અજંપાને દૂર કરી માનસિક શાંતિનો અનુભવ કરાવી શકે એવા 'spa' ની આજે આપણે વધુ જરૂર છે તેમ નથી લાગતું ? બહારથી સુંદર હોવાની સાથોસાથ આંતરિક સૌંદર્યને ખીલવે તેવા કોઈ outlets હોય તો કેવું સારું ! આમ આપણે મનુષ્યએ એક અજબ પ્રકારનો શુદ્ધ આત્મા છીએ પણ મનની અંતરના દ્વંદ્વને આપણે હંમેશ નજરઅંદાજ કરીએ છીએ !

પં. જવાહરલાલ નહેરુએ ખૂબ સરસ વાત લખી છે કે, 'મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે! સંખ્યાતીત પરાજયો વેઘ્યા છતાં આદર્શને ખાતર, સત્યને ખાતર, શ્રદ્ધાને ખાતર, દેશને ખાતર તથા ઈજ્જતને ખાતર માણસ યુગયુગાન્તરોથી પોતાના જીવનનું, તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાનું, બલિદાન આપતો આવ્યો છે. એ આદર્શ ભલે બદલાય, પણ આત્મબલિદાનની માણસની એ તાકાત કાયમ રહી છે અને એટલા ખાતર તેનું ઘણું બધું દરગુજર કરી શકાય એમ છે તથા તેને વિશે હાથ ધોઈ નાખવાનું અશક્ય બની જાય છે. ત્યારે આપત્તિની પળે પણ તેણે પોતાનું ગૌરવ છોડ્યું નથી, કે નથી પોતે સેવેલા આદર્શો પરની શ્રદ્ધા તેણે ગુમાવી. માણસમાં ખરે જ દેવનો કંઈક અંશ છે - અને સાથોસાથ જ તેનામાં શેતાનનો પણ અંશ છે.'

આજે ફેસબુક, ઈન્સ્ટાગ્રમ અને વોટ્સએપના ફોટામાં આપમે જેટલા સુંદર દેખાવવાનો પ્રયત્ન કરીએ છીએ તેટલા અંદરથી પણ સુંદર અને નિર્મળ રહીએ તો જીવન સાર્થક બન્યું ગણાય. કારણ કે, સુંદરતાની શોધમાં આખી પૃથ્વી ખૂંદી વળીએ તો પણ હાથ લાગશે નહીં - જો તે આપણી જ અંદર રહેલી નહીં હોય. તો આવો, તનની સાથે સાથે મનની સુંદરતાને પણ ખીલવીએ. મનની સુંદરતાના નિખાર માટેના વધુને વધુ સ્થળ - વધુને વધુ સંબંધો વિકસાવીએ. એક એવા સ્વસ્થ ખુશહાલ સમાજનું નિર્માણ કરીએ જે આંતરિક સુંદરતાના મહત્ત્વને સમજે અને તેને ખીલવવાના પ્રયાસો પણ કરે!

**Last Seen :**
સુખી તેઓ છે, જે સ્વપ્ના સેવે છે -
અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે.

- nehalgadhavi101@gmail.com

# ચાલો, જવાબ માંગીએ સરદાર પાસેથી નેહરુના કામનો



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

હમણાં હમણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાણે કે પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ માટે પ્રેમનો ઊભરો આવ્યો છેઃ રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે લોકસભામાં આભાર પ્રસ્તાવની ચર્ચાનો ઉત્તર વાળતાં ગૃહના નેતાએ પોતાની અનુકૂળતા મુજબ નેહરુને ૨૩ વાર સ્મર્યા અને નેહરુનાં નિવેદનોને પોતાની અનુકૂળતા મુજબ ટાંકીને નાગરિકતા સુધારા



ધારા (સીએએ)ને વાજબી લેખાવવાનો પ્રયાસ કર્યો. કોલકોતાના પ્રતિષ્ઠિત અંગ્રેજી દૈનિક ''ધ ટેલિગ્રાફ''ના તંત્રી જે.પી.યાદવે મોદીના વ્યાખ્યાનમાં નેહરુનો જે આલાપ કરવામાં આવ્યો એનો વિશદ અભ્યાસ કરીને ૨૩ વાર નેહરુ-સ્મરણ કરાયાની વાત નોંધી તો ખરી, પણ એમણે નેહરુનાં કથનોને અર્ધસત્યની રીતે ટાંકીને ''મિસ્ટર હાફ-ટ્રુથ'' તરીકે ઉલ્લેખવાનું પસંદ કર્યું છે. ૧૯૫૦ની નેહરુ-લિયાકતઅલી સમજૂતીમાં પહેલા વાક્યમાં જ બંને દેશો ધાર્મિક બાબતને ધ્યાને લીધા વિના જ લઘુમતીઓને પોતાના પ્રદેશમાં સંપૂર્ણ સમાન નાગરિકતા બક્ષવા સંમત થતા હોવાની વાતને વિકૃત કરીને અથવા અર્ધ સત્ય પ્રસ્તુત કરીને કહેવાઈ હોવાનું યાદવ તારવે છે. નેહરુને વડાપ્રધાન થવાની મહત્વાકાંક્ષા ધરાવનાર વ્યક્તિ લેખાવીને ભાગલાનો દોષ એમના શિરે મઢવામાં અગ્રેસર વડાપ્રધાન મોદીનાં નેહરુ વિષયક નિવેદનોનો હિસાબ હવે તો પંડિતજીના દાયકાઓના સાથી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પટ્ટશિષ્ય એવા સરદાર વલ્લભભાઈ પટેલ પાસેથી માંગવાનો વખત આવી ગયો છે.કારણ? આઝાદીની ચળવળમાં, નેહરુને વડાપ્રધાન બનાવવામાં, આઝાદી પછી બાપુના કથિત કોંગ્રેસના વિસર્જનના આગ્રહ છતાં એ નહીં કરવામાં, આઝાદી પછી નેહરુની સરકારમાં અને કાશ્મીર સહિતના મુદ્દે સરદાર પટેલ નેહરુની સાથે અડીખમ ઊભા હતા. સરદારે પોતે ભાગલાના કટ્ટર વિરોધી હોવા છતાં કોંગ્રેસે કેમ ભાગલા સ્વીકાર્યા એ વાત બંધારણ સભામાં વિગતે કહી છે. એમાં નેહરુ પર કોઈ દોષારોપણ નથી.મહાત્મા ગાંધીના નિધન પછી ઈન્દોરમાં સરદારે નેહરુના વડાપ્રધાન થવાને સૌથી વધુ યોગ્ય લેખાવતું પ્રવચન કર્યું ત્યારે

- **બાપુના મૃત્યુ પછી ઇન્દોરમાં વલ્લભભાઈએ નેહરુને વડાપ્રધાન બનાવાયાના નિર્ણયને બિરદાવ્યો' તો**
- **નેહરુએ સરદારને વડાપ્રધાનપદ સંભાળી લેવા વિનંતિ કરી ત્યારેય વલ્લભભાઈએ નન્નો ભણ્યો હતો**
- **જવાહરલાલ દેશમાં હોય કે પરદેશ ગયા હોય પણ નેહરુને પછાડવાનો વિચાર વલ્લભભાઈએ કદી કર્યો નથી**
- **પ્રજા ભલે મૂક લાગે તો પણ એના મૌનમાં અટલ બિહારી વાજપેયી જ અભિપ્રેત છે એ વાત તો નક્કી ગણવી**

એમણે નેહરુ કે અન્ય કોઈને સારું લગાડવાનું નહોતું. હવે નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે અને એનું કેટલી હદે વિકૃતીકરણ થઈ રહ્યું છે એ વાતની ઝલક તો મોદી સરકારના બટકબોલા પ્રધાન ગિરિરાજ સિંહ મહંમદઅલી ઝીણાની ખિલાફત ચળવળ દર્શાવતાં નિવેદનો કરે ત્યારે સમજાઈ જાય છે.હકીકતમાં મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્ય ચળવળમાં મુસ્લિમોને જોડાવાના હેતુસર ખિલાફત ચળવળ શરૂ કરી અને મૌલાના મહંમદઅલી અને શૌકતઅલી સાથે નિકટતા વધારી ત્યારે ઝીણાને એ ગમ્યું નહોતું. ઝીણાએ તો અલીબંધુઓને નજીક લેવાના ગાંધીજીના પગલાનો વિરોધ કર્યો હતો અને સરદાર પટેલે એ બાબતમાં બાપુને ટેકો આપ્યો હતો.

**નેહરુ પ્રત્યે સરદારની વફાદારી**

સરદાર પટેલનો પડછાયો બનીને ૧૯૨૮થી ૧૯૫૦ લગી રહેલાં એમનાં દીકરી અને અંગત સચિવ મણિબહેન તો સરદાર અંગેના દુર્ગદાસના દસ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે કે સરદારને વડાપ્રધાનપદ કે અન્ય કોઈ મોટો હોદ્દો મેળવવાની મહેચ્છા નહોતી. સરદારની સૌથી અધિકૃત જીવનકથા લખનાર રાજમોહન ગાંધીએ પણ ૧૯૪૬માં કોંગ્રેસના પ્રમુખની વરણી માટે ૧૫ પ્રાંતિક કોંગ્રેસ સમિતિઓમાંથી ૧૨ તરફથી સરદારનું નામ સૂચવાયાની વાત સાચી લેખાવવાની સાથે આ પ્રસંગને વડાપ્રધાનપદ માટેની વરણી ગણાવવાની ભૂલ નહીં કરવા જણાવ્યું હતું. આ વખતે મૌલાના આઝાદની કોંગ્રેસ પ્રમુખપદે ચાલુ રહેવાની ઈચ્છા છતાં નેહરુ ફરી એકવાર પ્રમુખ બન્યા હતા. સરદાર પટેલે ગાંધીજી પર પોતાને અન્યાય કરવાનો આરોપ ક્યારેય મઢ્યો નથી, પરંતુ મહાત્મા ગાંધી કરતાં સરદારને કદાચ વધુ જાણનારા કે સમજનારાઓ અત્યારે ઉહાપોહ મચાવે છે કે વલ્લભભાઈને બદલે મહાત્માએ નેહરુને વડાપ્રધાન બનાવીને અન્યાયી પગલું ભર્યું!

બીજી ઓક્ટોબર ૧૯૫૦ના રોજ વલ્લભભાઈએ ઈન્દોર નજીક કસ્તૂરબાગ્રામનો પાયો નાંખતાં ''બા-બાપુ તો માતપિતા સમાન હતાં'' એવું કહ્યું અને ''નેહરુ પ્રત્યે વફાદારી જાહેરમાં કહી બતાવી હતી'' એટલું જ નહીં, સરદારે કહ્યું હતુંઃ ''અમે બધા તો એમની (મહાત્માની) છાવણીના સિપાહી હતા. મને લોકો નાયબ વડો પ્રધાન કહે છે. હું મારી જાતને આવો કોઈ પદાધિકારી ગણાતો નથી. જવાહરલાલ આપણા નેતા છે. બાપુએ તેમને પોતાના વારસદાર નીમ્યા છે અને તે રીતે જાહેરાત પણ કરી છે.બાપુનું વસિયતનામું પાળવું એતે બાપુના તમામ સૈનિકોની ફરજ છે.જે લોકો હૃદયપૂર્વક ખરેખરી રીતે તેનું પાલન ન કરે તે ભગવાનનો ગુનેગાર થાય. હું દ્રોહી સિપાહી નથી. હોદ્દાનો વિચાર કદી કરતો નથી. હું તો આટલું જાણું છું કે બાપુએ જે સ્થાને મને બેસાડ્યો ત્યાં બેઠો છું તેનો મને સંતોષ છે.'' રાજમોહને નોંધ્યું છેઃ ''જવાહરલાલ નેહરુ દેશમાં હોય કે પરદેશ ગયા હોય અને વલ્લભભાઈના રાજકીય ઉદ્દેશ ગમે તે હોય, પણ નેહરુને પછાડવાનો વિચાર વલ્લભભાઈએ કદી કર્યો નથી. વડાપ્રધાનપદના ટૂંકા ભોગવટા પછી પણ વલ્લભભાઈને આવી લાલચ કદી થઈ નથી.પણ નેહરુને અંકુશમાં રાખવાની ઈચ્છા તેમને હતી જ.'' સરદારે નેહરુ પરદેશ ગયા ત્યારે ચાર-ચાર વખત વડાપ્રધાનપદ સંભાળ્યું હતું. ખુદ નેહરુએ તેમને વડાપ્રધાનપદ સંભાળી લેવા વિનંતિ કરી ત્યારે પણ વલ્લભભાઈએ નન્નો ભણ્યો હતો.

**ષષ્ઠિ-પૂર્તિ ટાણે સરદારની આશીષ**

સરદાર અને નેહરુ વચ્ચે અમુક મુદ્દે ભિન્ન મત ભલે હોય પણ જવાહરલાલ સરદારના અનુજ હતા. એમની સલાહ લેવા સદાય તત્પર રહેતા અને એ માનતા પણ ખરા. નેહરુની ષષ્ઠિ-પૂર્તિ ટાણે પ્રકાશિત થવાના અભિવાદન ગ્રંથ માટે વલ્લભભાઈ પટેલે ૧૪ ઓક્ટોબર ૧૯૪૯ના આશીષ પત્રમાં નોધ્યું છેઃ ''કેટલાંક સ્વાર્થી તત્વોએ અમારા બંને વિશે ગેરસમજો-ભ્રાંતિઓ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે. અને કેટલાક ભોળા લોકો એમના પર વિશ્વાસ મૂકી પણ દે છે, પરંતુ વાસ્તવમાં અમે લોકો આજીવન સહકારી અને ભાઈની જેમ જ સાથે કમ કરતા રહ્યા છીએ.સમયની જરૂરિયાત મુજબ અમે એકમેકના દ્રષ્ટિકોણ મુજબ અમને બદલાતા પણ રહ્યા છીએ.અને સાથે જ એકમેકના મતનો કાયમ આદર પણ કરતા રહ્યા છીએ. અમને એકમેકમાં ઊંડો વિશ્વાસ હોવાને કારણે જ આ શક્ય બને છે.'' બે પાનાં જેટલા આ આશીષ-સંદેશને વાંચનારા નેહરુ માટેના સરદારના પ્રેમ અને નેહરુને સરદાર માટેનો જે આદર હતો એ સમજી શકે. બંનેને એકમેકની વિરુદ્ધ મૂકવાની હીન પ્રવૃત્તિ નેહરુ અને સરદારના આત્માને પણ વ્યથિત કરે એવું છે.

વડાપ્રધાન નેહરુને ૨૯ મે ૧૯૬૪ના રોજ રાજ્યસભામાં

**અનુસંધાન પાના નં ૭ પર**